નમસ્કાર ગાંધીનગર

પમરાટ

આંખ મારી આંસુઓને હરવખત ભરતી નથી,
આ નદી એવી છે જે સૌની સમક્ષ સરતી નથી.
આંધી નાસીપાસ થઇ વીલા મુખે પાછી ફરે,
સ્પર્શ ના હો પંખીનો તો આ ફૂંપળ ખરતી નથી.
નાવનું હોવાપણું કાફી નથી સાગર મહીં,
હામ ના હો જો હલેસાની તો એ તરતી નથી.
સાવ સૂકો થઈને પથ્થર હું કિનારે આથમ્યો,
લાગણીની ઓટ છે બસ ઓટ છે, ભરતી નથી.

સાકેત દવે.

પાથેય

- રમેશ ઠક્કર

સાવ સૂકા પથ્થર જેવી વેદના..

શૈશવનાં પગલાં ફંફોસવાની પણ એક મજા હોય છે..હમણાં ખરા બપોરે અચાનક વતનમાં જવાનું થયું..પડખે લપેટાયેલી બનાસ જાણે ચૂપચાપ હતી..ગામમાં નીરવતા હતી...જૂન માસનો આછેરો વરસાદ જરીતરી ગામ સમેત આખી સીમને ભીનાશનો લેપ લગાડી ગયો હતો..બનાસનો વિશાળ પટ આવાં એકલદોકલ ઝાપટાંને ગણકારે ? ચોમાસું ધોધમાર વરસતું હોય..અડાબીડ હેલી હોય અને ઉફાન ભરતી બનાસ જયારે બે કાંઠે ઘસમસતી વહેતી હોય ત્યારે એ પટનો વટ જોવા જેવો હોય ! બનાસની એ યુવાની તો હવે ગઇ જાણે..ઢબુરાયેલા ગામને છબીમાં સમાવતો હું શોધી રહ્યો હતો એ જાહોજલાલી...

ગામની સીમ જો કે હજુ એવી ને એવી જ લાગણીસભર છે..બાવળનો દબદબો વિતેલા વરસોમાં થોડોક ઘટયો છે...ગાંડા બાવળનો ઘટાટોપ આશ્લેષ એ આ બંજર ભૂમિની એકકાળે એકમાત્ર ઓળખ હતી..લીમડા, અરડૂસા,ખીજડા કે,લીલાંછમ જાળાં, આજે પણ આ લિલુડી ધરતીનો લય બનીને લ્હેરાય છે ચોતરફ..ગામની શેરી મને નવા લિબાશમાં મળવા જાણે થનગની રહી હતી..પણ મને તલાશ હતી દેશી ઘરો વચ્ચે ઘુળમય બનીને સરકતી શૈશવની એ શેરીની..શહેરી બનેલી શેરી મને અકળાવે છે..ધુળને તો જાણે આપણે કારણવગર દેશવટો આપી દીધો છે..!

આકાશ લાંબા પટે ગામ ઉપર ઘેરાઈને ઉભું હતું. નકળંગ મહારાજ જે ગામના ઇષ્ટદેવ તરીકે આસ્થાનું એક અદ્ભુત સ્થાન છે એની ધજા એ ખુલ્લા આકાશને એક અનોખો ઓપ આપી રહી હતી..ગામ બપોરના ઘેનમાં ગરકાવ હતું...નાનો સરખો પગરવ પણ સંભળાય એવું ન હતું..મને કોઇ ઓળખે કે કેમ એ પણ એક વિમાસણ હતી..ગામની બદલાયેલી છત અને ચોક મને આત્મીય માની સાચે જ આવકારી રહ્યાં હતાં..આ ગામ એ બનાસનું અદકેરું બાળક છે..અને પીઢ લાગતો હું આ ભૂમિનું એક ભૂલકું જ છું જાણે..!

કવિની જેમ જ હવે હું એક વિશાળકાય નગરમાં પાછો જઇશ ..નદી એ મારું મુળ છે..એની યાદ સાથે...મને અલગઅલગ નદીઓના કાંઠે રહેવાનો મોકો મળ્યો છે..નદીનો નજારો આપણા જીવતરનો મૂંઝારો દૂર કરે છે...નગર એ આપણી વાસ્તવિકતા છે..નદી કાંઠાનું કોઇ નાનકડું ગામ એ આપણા મનગમતા મુકામ જેવું હોય છે...

પ્રજાની અસ્મિતા પર કટાક્ષ અશોભનીય

તંત્રીસ્થાનેથી...

જૂની, લગભગ ગુજરી જવા આવેલી પેઢીના મુંબઈગરા ગુજરાતીઓને મુંબઈની ગલીએ ગલીએ પોકારાતાં સૂત્રો હજી યાદ હશે. દ્વિભાષી મુંબઈ રાજયનું વિભાજન થઈ રહ્યું હતું અને ત્યારે ગુજરાતી નેતા મોરારજી દેસાઈ મુંબઈ રાજયમાં અદલ યશવંતરાય ચવાણ તથા બાળાસાહેબ ખેર જેવું જ વર્ચસ્વ ધરાવતા હતા. મહારાષ્ટ્રવાસીઓના મનમાં એ વહેમ હતો કે પંડિત નહેરુ પર આગવો પ્રભાવ ધરાવનારા એ સિદ્ધાંતવાદી નેતા કદાચ એમના ઘર ભણી નારિયેળ ફેંકશે અને મુંબઈ ગુજરાતમાં ચાલ્યું જશે. એટલે 'આમચી મુંબઈ'ના નારા લગાવતાં મરાઠાભાષી ટોળાં રસ્તા પર ઊતરી આવતાં. મોરારજી દેસાઈ તો પાકા સિદ્ધાંતવાદી નેતા એટલે માઉન્ટ આબુ ગુજરાતમાં રાખી શકાય એમ હતું છતા ભાષાના મુદ્દે એ રાજસ્થાનના હવાલે થવા દીધેલું અને ડાંગ તો બચ્યું હોય તો છોટુ ભાઈ અને ઘેલુભાઈના ડાઉન ટુ અર્થ એ ડાંગી ભાષા કે બોલી બોલતા અને મરાઠી મહિલાઓની જેમ કાછોટા વાળતી સ્ત્રીઓની સાથેની નિજી લાગણીઓને લીધે. નહીંતર આજે સાપુતારા પણ ગુજરાતમાં ન હોત. મહારાષ્ટ્ર દેશના અર્થકારણનું નર્વ સેન્ટર બની રહ્યું છે. એની પાછળ મોહમયી મુંબઈ નગરીની માયા જ કારણભૂત છે. કોલકાત્તા, દિલ્હી કે ચેન્નાઈ એની તોલે નથી આવી શક્યાં. આ આર્થિક રાજધાની પાછી દેશના રાજકારણનો સત્તાલક્ષી રોડમેપ પણ દોરી આપે છે. તાતાથી લઈ અંબાણી સુધીના ધનકુબેરો મૂળે ગુજરાતી હોવા છતાં એમને ઓળખ તો મુંબઈ એ જ સંપડાવી છે. હમણાં મહારાષ્ટ્રના રાજયપાલ ભગતસિંહ કોશિયારીએ એવું બાફી માર્યું કે કે મરાઠી માણૂસની અસ્મિતા ઊકળી ઊઠી છે. એમણે ખોટું તો રતિભાર નથી કહ્યું. એક મારવાઠી શ્રેષ્ઠીના નામે અંધેરી ખાતે ચોકનું નામકરણ કરતી વખતે એમણે મહારાષ્ટ્રના મૂળ માલિકોને માઠું લાગે એવું વિધાન જરૂર કરી નાખ્યું. એમણે કહ્યું હતું કે મુંબઈની ચમકદમક મૂળે તો ગુજરાતીઓ અને મારવાડીઓને આભારી છે. જો તમે આ બે પ્રજાઓને બાદ કરી દો તો મુંબઈનું આર્થિક મહત્ત્વ સમાપ્ત જ થઈ જાય. આમ જુઓ તો આ વિધાનમાં શત પ્રતિશત સત્ય છે. પરંતુ મરાઠી માણૂસ એને સ્વાભિમાન ઉપરનો ઘા સમજીને ઉશ્કેરાઈ જવા ટેવાયેલો છે. થયું પણ એવું જ. તાજેતરમાં જ કેન્દ્રના ઈશારે રાજયપાલશ્રીએ શિવસેનાના બળવાખોર જૂથના નેતા એકનાથ શિંદેને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવીને ઉદ્ધવ ઠાકરેની પૈતૃક સંપત્તિ જેવી પાર્ટીનો ખોફ તો વહેરેલો જ છે. તાબડતોબ 'સામના' ભગતસિંહ કોશિયારીની મહારાષ્ટ્ર વિરોધી માનસિકતાના મુદ્દે તૂટી પડ્યું. સંજય રાઉતની કડવી કલમ આગ ઓકવા લાગી. ઉદ્ધવ ઠાકરેએ તો ત્યાં સુધી કહી દીધું કે વારંવાર મહારાષ્ટ્રના સ્વાભિમાન પર ઘા કરતા આ ઉત્તર ભારતીય રાજયપાલ હવે 'કોલ્હાપુરી ચંપલ' ખાવાને લાયક છે. વાત મરાઠી અસ્મિતાની હતી એટલે ખુદ શિવસેનાના સત્તાધારી બળવાખોર જૂથને પણ એમના પગ નીચે રેલો આવી જાય એ પહેલાં રાજયપાલ વિરુદ્ધ નિવેદન કરવું પડ્યું. એનસીપી અને કોંગ્રેસ તો શિવસેના સરકારના ઘટક પક્ષો હતા જ. રાજયપાલ ભગતસિંહને સહજભાવે ગુજરાતીઓ અને મારવાડીઓની કરેલી પ્રશંસા મોંઘી પડી ગઈ છે. એમને રાજયપાલ પદેથી હટાવવાની માગણી બુલંધ બની ગઈ છે. અગાઉ આવી માગણી તત્કાલીન ભાજપ વિરોધી ઉદ્ધવ સરકાર કરતી હતી, હવે એવી જ માગણી ભાજપના સમર્થનની બેઠેલી શિંદે સરકાર કરે તો નવાઈ નહીં. ગુજરાતીઓ કે મારવાડીઓ ભગતસિંહ કોશિયારીની તરફેણમાં હરફ સરખો ઉચ્ચારી શકે એમ નથી. એમ કરવા જાય તો એમની દુકાનોનાં પાટિયાં રાતોરાત ઊતરી જાય એવી દહેશત પ્રવત્તે છે. શું અમે મરાઠી પ્રજા ભૂખડી બારસ છીએ ? શું અમે ગુજરાતી - મારવાડીઓની મહેરબાની પર જીવીએ છીએ ? આગામી દિવસોમાં મનસેના રાજ ઠાકરે પણ આવા સવાલો સાથે રસ્તાઓ પર ઊતરે તો નવાઈ નહીં !

ભારતના રાષ્ટ્ર ધ્વજ તથા ફ્લેગ કોડ ઓફ ઈન્ડીયા-૨૦૦૨ અને રાષ્ટ્રીય સન્માનનાં અપમાનનું નિવારણ અધિનિયમ-૧૯૭૧ની સમજૂતિ.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

રાષ્ટ્રધ્વજનાં ઉપયોગ, પ્રદર્શન(ડિસ્પ્લે) અને ફરકાવવા(હોસ્ટિંગ) અંગેની સૂચનાઓ અંગેનો સર્વાંગી સમૂહ એટલે 'ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨' (ભારતની ધ્વજ સંહિતા ૨૦૦૨) અને રાષ્ટ્રીય સન્માનના અપમાનનું નિવારણ અધિનિયમ, ૧૯૭૧.

ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા (ભારતની ધ્વજ સંહિતા) રાષ્ટ્ર ધ્વજના પ્રદર્શન માટે ઘડવામાં આવેલા તમામ કાયદા, કન્વેન્શન, પ્રથાઓ અને સૂચનાઓને એકજૂથ કરે છે. તે ખાનગી, જાહેર અને સરકારી સંસ્થાઓ દ્વારા રાષ્ટ્ર ધ્વજના પ્રદર્શનનું સંચાલન કરે છે. ૨૬ જાન્યુઆરી ૨૦૦૨થી ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયાનો અમલ કરવામાં આવ્યો છે.

ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા, ૨૦૦૨માં તારીખ ૩૦ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ સુધારો કરવામાં આવ્યો છે અને પોલીસ્ટરમાંથી બનેલા અથવા મશીન દ્વારા બનેલા રાષ્ટ્ર ધ્વજને મંજૂરી આપવામાં આવી છે. હવે, હાથ વડે કાંતેલા અને હાથ વડે વણેલા અથવા મશીન બનાવટના, સુતરાઉ/ પોલીસ્ટર/ ઉન/ સિલ્ક/ ખાદીના કપડામાંથી રાષ્ટ્ર ધ્વજ બનાવી શકાશે.

ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયાના પરિચ્છેદ-૧.૩ અને ૧.૪ અનુસાર, રાષ્ટ્ર ધ્વજ લંબચોરસ આકારમાં હોવો જોઈએ. ધ્વજ કોઈપણ કદનો બનાવી શકાય પરંતુ રાષ્ટ્ર ધ્વજની લંબાઈ અને ઊંચાઈ (પહોળાઈ)ની સપ્રમાણતા ૩:૨ હોવી જોઈએ.

ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયાના પરિચ્છેદ-૨.૨ અનુસાર, જાહેર, ખાનગી સંસ્થાના સભ્ય અથવા શૈક્ષણિક સંસ્થાના સભ્ય તમામ દિવસોએ અથવા પ્રસંગોપાત રાષ્ટ્ર ધ્વજની ગરિમા અને માનને જાળવીને ફરકાવી/પ્રદર્શિત કરી શકે છે.

ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયામાં ૨૦ જુલાઈ, ૨૦૨૨ના રોજ આપવામાં આવેલા આદેશાનુસાર સુધારો કરવામાં આવ્યો છે અને ફ્લેક કોડ ઓફ ઈન્ડિયાના પરિચ્છેદ-૨.૨ના ભાગ- ૨ ની જોગવાઈ (૬)ના બદલે નીચે ઉલ્લેખિત જોગવાઈને સામેલ કરવામાં આવી છે : (૧) "જ્યાં ખુલ્લામાં અથવા જાહેર વ્યક્તિના ઘર પર જ્યારે ધ્વજ પ્રદર્શિત કરવામાં આવે ત્યારે, તે દિવસ અને રાત્રિ દરમિયાન ફરકાવી શકાય છે, (૨) જ્યારે પણ રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવે ત્યારે, તેનું સંપૂર્ણ માન જળવાવું જઈએ અને તેને વિશિષ્ટ રીતે રાખવામાં આવ્યો હોવો જોઈએ. તૂટેલો અથવા ફાટેલો રાષ્ટ્ર ધ્વજ પ્રદર્શિત કરવો જોઈએ નહીં.

રાષ્ટ્ર ધ્વજને ક્યારેય ઊંધો ફરકાવવો નહીં. એટલે કે, ધ્વજનો કેસરી રંગનો પટ્ટો ક્યારેય નીચે હોવો જોઈએ નહીં, તૂટેલા અથવા ફાટેલા રાષ્ટ્ર ધ્વજને ફરકાવવો, પ્રદર્શિત કરવો નહીં, રાષ્ટ્ર ધ્વજ કોઈપણ વ્યક્તિ અથવા વસ્તુની સલામીથી નીચે ના હોવો જોઈએ, કોઈપણ અન્ય ધ્વજ કે ઝંડો રાષ્ટ્ર ધ્વજથી ઊંચો, તેનાથી ઉપર અથવા તેની બાજુમાં સમકક્ષ ઊંચાઈએ રાખેલો ના હોવો જોઈએ; ફુલો અથવા ફુલોના હાર સહિત કોઈપણ વસ્તુ અથવા પ્રતીક જે ધ્વજદંડ પર રાષ્ટ્ર ધ્વજ ફરકતો હોય તેની ઉપર અથવા તેનાથી વધુ ઊંચાઈએ રાખવા નહીં, રાષ્ટ્ર ધ્વજનો ઉપયોગ તોરણ, ડિઝાઈનમાં ગોઠવણી, વાવટા લહેરાવવા અથવા અન્ય કોઈપણ પ્રકારે સુશોભનના ઉદ્દેશથી કરવો નહીં, રાષ્ટ્ર ધ્વજ જમીન અથવા ભોંયતળિયાને સ્પર્શવો જોઈએ નહીં અથવા પાણીમાં તરતો મૂકવો નહીં, રાષ્ટ્ર ધ્વજને એવી કોઈપણ રીતે પ્રદર્શિત કરી શકાય નહીં અથવા બાંધી શકાય નહીં કે જેનાથી તે ફાટી જવાની, તેને ક્ષતિ થવાની શક્યતા હોય, રાષ્ટ્ર ધ્વજને સિંગલ માસ્ટહેડ (ધ્વજાદંડનો ટોચનો હિસ્સો) દ્વારા કોઈપણ અન્ય ઝંડા અથવા ઝંડાઓની જોડે એકસાથે ફરકાવી શકાય નહીં, રાષ્ટ્ર ધ્વજનો ઉપયોગ વક્તાના ડેસ્કને ઢાંકવા માટે થવો જોઈએ નહીં તેમજ તેને વક્તાના પ્લેટફોર્મ પર પાથરેલો કે વીંટાળેલો રાખવો નહીં, વસ્ત્ર પરિધાનના હિસ્સા તરીકે અથવા ગણવેશના હિસ્સા તરીકે અથવા એવી કોઈપણ ઍક્સેસરી કે જે કોઈપણ વ્યક્તિ દ્વારા કમરથી નીચેના હિસ્સામાં પહેરવામાં આવતી હોય તેના હિસ્સા તરીકે રાષ્ટ્ર ધ્વજનો ઉપયોગ કરવો નહીં, તેમજ ઓશિકાં, હાથરૂમાલ, નેપકિન, આંતરવસ્ત્રો અને અન્ય કોઈપણ ડ્રેસ મટિરિયલ પર તેનું ભરતકામ અથવા છાપ કરેલી હોવી જોઈએ નહીં.

અનુસંધાન પાના નં. ૭ પર

દિન મહિમા

- મહિલા સુરક્ષા દિવસ
- લોકમાન્ય ટિલકની પુણ્યતિથિ, ભારતીય રાષ્ટ્રવાદી શિક્ષક અને સ્વતંત્રતા કાર્યકર્તા

આજનું

ઔષધ

- જો પગની એડિયો ફાટી ગઈ હોય તો લીમડાના તેલમાં હિંગ નાખીને તેને ફાટેલી એડીઓ પર લગાવો એડી ઠીક થઈ જશે.

ખડખડાટ

- પકો છોકરી જોવા ગયો. છોકરીના પપ્પા (પકાને) - દારૂ પીવો છો ? પકો : પહેલા છોકરી જોઈ લંઈએ, પછી બેસીએ શાંતિથી. 'પકો હજીએ વાંટો ફરે છે.'

આજનું

વોટ્સએપ

- સારા માણસોની સંગતમાં હંમેશા ફાયદો જ થાય છે ભાઈ... ફૂલો પરથી જો હવા પસાર થાય તો વાતાવરણ પણ સુગંધિત બની જાય છે !!

ઊંચો કલાકાર છું જિંદગીના રંગમંચનો... મજાલ છે દેખનારની કે દર્દદેખી જાય...!

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

'હું વિરાટ વિદૂષક!
અમે જેને હસી કાઢ્યું
તે હાસ્ય તમે ગૌરવ દીધું.
તમારા હાવભાવના મૂંગા સ્પર્શે
હાસ્ય વાણીની દીવાલો ટપી રાંકનું સાંત્વન બન્યું.'

- વાડીલાલ ડગલી (ચાર્લી ચેપ્લિન વિષે)

આજના આ તનાવભર્યા માહોલમાં શુદ્ધ અને નિર્દોષ 'હાસ્ય'' સાવ લુપ્ત થઈ ગયેલું જણાય છે. અને હાસ્યને પાછું મેળવવા અને તનાવમુક્ત બનવા સ્ટેન્ડ અપ કોમેડી' અને 'સ્ટેન્ડઅપ કોમેડીયન'' નો એક આખો નવો વ્યવસાય મોટા પાયે પાંગયો છે. કપિલ શર્મા કોમેડીના માધ્યમ દ્વારા સફળતા, સિદ્ધિ અને સમૃદ્ધિના ઉચ્ચ શિખરો હાંસલ કરી ચૂક્યા છે. આ ઉપરાંત યંગ જનરેશનમાં પણ પોતાની વાત ખૂબ બિન્દાસ થઈને કહેતા અને ઘણીવાર સાવ તોછડાઈભય લાગે તે પ્રકારના સ્ટેન્ડઅપ કમેડિયન્સ ઠેર-ઠેર જોવા મળે છે. સોશિયલ મીડિયા પર તો જાણે ધૂમ મચી છે આ પ્રકારના લોકોની. તેમાં ગુણવત્તાનો કોઈ માપદંડ હોતો નથી અને લોકોને હસાવવા માટે સહજતાથી ગાળો પણ બોલવામાં આવે છે. કપિલ શર્મા પણ સફળતા પ્રાપ્ત થયા બાદ ગમે તેને અપમાનિત કરવામાં અચકાતા નથી તે પ્રકારની વાતો આપણે સૌએ વાંચી કે સાંભળી હશે. તો ત્યારે વિચાર આવે કે હાસ્યને એક નવી જ ઊંચાઈ બક્ષનાર ચાર્લી ચેપ્લિન એક મુઠ્ઠી ઉંચેરો માનવી ગણાય કે જે અત્યંત ગરીબીમાં જન્મવા છતાં સફળતાના ઉચ્ચ શિખરો સર કરી શક્યો અને આ સફળતા તેમના વર્તન કે વ્યવહારમાં કોઈ પ્રકારની આછકલાઈ કે અભિમાન આણ્યા વિના આજીવન ટકાવી રાખી. એવા આ ''મહાન મુફલિસ'' ને સો સો સલામ.

ચાલીસથી વધુ વરસો સુધી અમેરિકામાં સતત ફિલ્મોનું નિર્માણ કરનાર જગતના એક મહાન કલાકાર ચાર્લી ચેપ્લિનનો જન્મ ૧૮૮૯માં ઈંગ્લેન્ડમાં થયેલો. તેનાં ગરીબ માતાપિતા બેઉ નાટક કંપનીમાં કામ કરતાં હતા, માતા અસ્થિર મગજના અર્ધગાંડા જેવા અને પિતા દારૂડિયા હતા. લંડનની કંગાળ શેરીઓમાં વિતાવેલા બાળપણ ચાર્લીના અંતરમાં દીનદુખિયા માટે ઊંડી સહાનુભૂતિ પ્રગટાવેલી. ૧૯૧૪માં અભિનેતા તરીકે ફિલ્મક્ષેત્રમાં પ્રવેશેલા ચાર્લી ચેપ્લિનને ૮૧ વર્ષ પછી, ૧૯૯૫માં ફિલ્મ સમીક્ષકોના એક વૈશ્વિક સર્વેક્ષણ સમસ્ત ફિલ્મ ઈતિહાસના સૌથી મહાન અભિનેતા તરીકે (મરણોત્તર) જાહેર કર્યા હતા. ફિલ્મસર્જનનાં વિવિધ પાસાંઓના નિષ્ણાત તરીકે ચાર્લી ચેપ્લિન અજોડ હતા. ફિલ્મનિર્માણ, પાત્ર નિર્ધારણ, દિગ્દર્શકન, પટકથા લેખન, સંગીત બાંધણી વગેરે ચેપ્લિન પોતે જ કરતા. અને વળી અભિનય તો ખરો જ!

પહેલી ફિલ્મમાં તો દિગ્દર્શક આપ્યો તેવો વેશ તેણે ધારણ કરેલો, પણ બીજી જ ફિલ્મથી એક મુફલિસ તરીકેનો પોતાનો જગમશહૂર પહેરવેશ ચેપ્લિને ઉપજાવી કાઢેલો – સાવ ટૂંકા જાકીટ હેઠળ લાંબુ ને કોથળા જેવું પાટલુન ને મોટાંમસ પગરખાં પહેરેલું, ઝીણી ઝીણી મૂછો ને હાથમાં નેતરની સોટી વાળું. ૧૯૨૦ના દાયકા સુધીમાં તો ચેપ્લિન અત્ર તત્ર સર્વત્ર છવાઈ ગયા હતા. કોસ્ટોનના ટુડિયોમાં હાસ્યરસની ૩૫ ફિલ્મો ચેપ્લિને બનાવી, તે બધી મૂંગી અને ૧૦-૧૦ મિનિટ ચાલનારી હતી, પણ તે જમાનાની બીજી કોમેડીઓના કરતાં તેમાં કલા અને સંયમનું તત્ત્વ વધુ ને વધુ પ્રમાણમાં જોવા મળતું ગયું. ૧૯૧૫માં ચેપ્લિન પ્રથમવાર ટેમ્પ તરીકે ''ધ ટ્રેમ્પ' ફિલ્મમાં રજૂ થયા. બેઘર, નિઃસહાય અને તદ્દન એકલો અટૂલો ટેમ્પ એટલે મુફલિસ, ઠીંગણો, અંગ મરોડતો, નાનકડી કાળી મૂછોવાળો; ''ટૂંકો સાંકડો કોટ, લઘરવઘર પાટલૂન, બબૂચક જેવો જોડા પહેરેલો અને પેંગ્વિન પક્ષી જેવી ચાલ ચાલતો ચેપ્લિનનો રમૂજી 'ટેમ્પ', રખડુ મુફલિસ હવે જગતમાં અમર થઈ જવાનો હતો. તેમના 'લિટલ ટ્રમ્પની (ઝવેરચંદ મેઘાણી અને વાડીલાલ ડગલી જેને રખડુ - મુફલિસ કહેતા) અનેક પ્રકારે નકલો થવા માંડી હતી - નૃત્યોમાં, ગીતોમાં, અભિનયમાં, જાહેરખબરમાં આજે પણ કેટલાય રિયાલીટી શૉમાં આ પ્રકારની ચેપ્લિનની નકલ થાય જ છે. શરુઆત અઠવાડિયાના ૧૫૦ ડૉલરથી કરી પછીના વર્ષે સીધા ૧૨ ૫૦ ડૉલર અને ત્રીજા વરસે પોણા સાત લાખ ડૉલર...! આ પ્રકારે હોલીવુડમાં આવ્યા પછી ચેપ્લિનની આવક દર વરસે લગભગ દસ ગણી થતી જતી હતી. ૧૯૧૮માં ફર્સ્ટનેશનલ નામની કંપનીએ બાર મહિને આઠ ફિલ્મ ઉતારવાનો કરાર કરીને વરસે દસ લાખ ડૉલરના પગારથી ચેપ્લિનને રોકી લીધા.

બાળપણમાં જોયેલી ગરીબીએ ચેપ્લિનને પોતાની આગવી અભિનયશૈલી સર્જવા માટે પ્રેરણા આપી. ચેપ્લિને આગવો કરુણરસ સર્જ્યો અને પોતાની મનોવેદનાને પ્રગટ કરવાની સાથોસાથ તેમણે આપણને સૌને હસાવ્યા. કદાચ રડાવ્યાં તો પણ હસીને! બાળપણમાં દારૂડિયો બાપ ૧૯૦૧માં નાની વયે ગુજરી ગયો. અને તેઓ પિતાના પ્રેમથી વંચિત રહ્યા. સોતેલી માતા ખૂબ ભલી અને સ્વમાની હતી. પણ ઘરની હાલત અતિ ખરાબ. કમાણી નજીવી. બે સંતાનોનું પાલન કરવું ભારે પડે. માતાનું ગળું ખરાબ થઈ જતાં કામકાજ મળ્યું નહીં. ભૂખમરાને લીધે તે માનસિક અસ્થિરતાનો ભોગ બની. અવારનવાર ધર્માદા હોસ્પિટલના ધક્કા ખાધા કરતી. એ પહેલીવાર ગાંડાની ઈસ્પિતાલમાં ગઈ તે સમયને યાદ કરતાં તે, નાનકડાં ચાલને કહેતી કે, ''કયાંકથી પણ તું મારા માટે ચાનો એક પ્યાલો પણ લઈ આવી શક્યો હોત તો હું આમ ગાંડી ન થઈ જાત!આ વાતને ચેપ્લિન જિંદગીભર ભૂલી નહોતા શક્યા. ''ધ ગોલ્ડ રશ ફિલ્મના એક દૃશ્યમાં ભૂખે મરતો ચાર્લી પોતાનાં ખાસડાં બાફીને પ્રેમથી ખાય છે. બૂટની દોરી તો એમ ખાય છે કે જાણે સ્વાદિષ્ટ મીઠી સેવ ખાતો હોય! અને બૂટના તળિયામાંની ખીલીઓ ચૂંટીને એવી રીતે ચૂસે છે કે જાણે મરઘીનાં મસાલા ભરેલાં હાડકાં ચૂસતો હોય! ચાર્લીની સાથે તેનો જાડોપાડો સાથી પણ છે, પણ તેને બાફેલા ખાસડાં ગળે ઉતરે નહીં. જોનારાના જીવ અદ્ધર થઈ જાય અને સાથે હસી હસીને લોથપોથ પણ થઈ જવાય. ચેપ્લિનની બધી ફિલ્મો પૈકી 'સિટી લાઈટ્સ' તેમની ખૂબ પ્યારી ફિલ્મ રહી છે. દેશની સમૃદ્ધિના આરસપૂતળાને ખોળે એક ચીંથરેહાલ, બદસિકલ, બાઘો, બેકાર માનવી ટૂંટિયુ વાળીને ઘોરતો પડ્યો છે. ચેપ્લિનના ટ્રમ્પની સમસ્ત કારકિર્દીમાં 'સિટી લાઈટ્સ'' એક એવી ફિલ્મ છે જેમાં તે એક પ્રકારના સંતપણાને પામે છે. ૧૯૭૨માં અમેરિકાએ 'ઓસ્કર' એવોર્ડ આપવાના ભવ્ય વાર્ષિક સમારંભમાં ચેપ્લિનનું અત્યંત ભાવપૂર્વક સ્વાગત કર્યું. ૧૯૭૭માં ૮૮ વર્ષની વયે એમનું અવસાન થયું ત્યારે, સમસ્ત માનવજાતને વધુમાં વધુ હસાવનાર વ્યક્તિ તરીકે ચાર્લી ચેપ્લિનનું નામ ઈતિહાસમાં અંકિત થઈ ચૂક્યું હતું. હાસ્યરસને અને કોમેડીને એક નવા મુકામે પહોંચાડનાર આ મહાન કલાકારને શત શત નમન.

Last Seen :
ઊંચો કલાકાર છું જિંદગીના રંગમંચનો...
મજાલ છે દેખનારની કે દર્દદેખી જાય...!

- nehalgadhavi101@gmail.com

પાનના ગલ્લાવાળા, હસમુખભાઈ પટેલનો અનુપમ મહાદેવ પ્રેમ : ચિત્રો સર્જી તમામ દ્વાદશ જ્યોતિર્લિંગમાં કર્યું પ્રદર્શન

પહેલું કિરણ
રમેશ તન્ના

અમદાવાદમાં હસમુખભાઈ પટેલ નામના એક અનોખા શિવભક્ત વસે છે. જોધપુર ચાર રસ્તા વિસ્તારમાં શિવમ્ પાન પાર્લર ચલાવતા હસમુખભાઈ પટેલનો દેવોના દેવ મહાદેવ, ભગવાન શંકર પ્રત્યેનો પ્રેમ જાણશો તો નવાઈ લાગશે. તેમના હૃદયમાં રહેલી શિવભક્તિએ તેમને પ્રેરણા આપી અને તેમણે શંકર ભગવાનનાં ૫૦૦ જેટલાં ચિત્રોનું સર્જન કર્યું. મહત્ત્વની વાત હવે આવે છે. ૨૦૦૬થી ૨૦૧૮ સુધીમાં દર વર્ષે તેમણે શ્રાવણ મહિનામાં પ્રત્યેક દ્વાદશ જ્યોતિર્લિંગમાં ચિત્રોનું ત્રણ-ત્રણ દિવસ માટે પ્રદર્શન પણ કર્યું.

સને ૨૦૦૬થી આ યાત્રા શરૂ થઈ અને ૨૦૧૮માં પૂર્ણ થઈ. કલામાં ભક્તિ અને ભક્તિમાં કલાનું ઉત્તમ અને પ્રેરક ઉદાહરણ એટલે શિવભક્ત હસમુખભાઈ.

તેમણે શ્રી સોમનાથ (સોમનાથ, ગુજરાત), શ્રી મલ્લિકાર્જુન કે શ્રીશૈલમ (શ્રીશૈલમ, આંધ્રપ્રદેશ), શ્રી મહાકાળેશ્વર (ઉજ્જૈન, મધ્યપ્રદેશ), શ્રી ઓમકારેશ્વર (ઓમકારેશ્વર, મધ્યપ્રદેશ), શ્રી કેદારનાથ (રુદ્રપ્રયાગ, ઉત્તરાખંડ), શ્રી ભીમાશંકર (ભીમાશંકર, મહારાષ્ટ્ર), શ્રી કાશી વિશ્વનાથ (વારાણસી, ઉત્તરપ્રદેશ), શ્રી ત્રંબકેશ્વર (નાસિક, મહારાષ્ટ્ર), શ્રી વૈદ્યનાથ (દર્ડમારા, ઝારખંડ), શ્રી નાગેશ્વર (દારુકાવનમ, ગુજરાત), શ્રી રામેશ્વર કે શ્રી રામેશ્વરમ (રામેશ્વરમ, તમિલનાડુ), શ્રી ગ્રિષ્ણેશ્વર કે શ્રી ઘૃષ્ણેશ્વર (વેરુલ, મહારાષ્ટ્ર)માં ચિત્ર પ્રદર્શનોનું આયોજન કર્યું હતું.

હસમુખભાઈનાં માતાનું નામ સૂર્યાબહેન. પિતાનું નામ રતિભાઈ. મૂળ ગામ આંબલી. આ ગામ અમદાવાદની પાદરમાં આવેલું છે. જોકે હવે તો અમદાવાદનો જ એક ભાગ છે. પિતા ખેડૂત. ૨૨મી નવેમ્બર,

કાથા-ચૂનાથી ચિત્રો બગડતાં હતાં તેથી આ શિવભક્તે પોતાના પાન પાર્લરમાં બાર વર્ષથી પાન વેચવાનું પણ બંધ કર્યું છે...

૧૯૭૧ના રોજ જન્મેલા હસમુખભાઈનો જન્મ સોમવારે થયો છે. સોમવાર મહાદેવનો વાર. એ વખતે કોઈને ખબર પણ નહોતી કે, આ બાળક મોટું થઈને પરમ શિવભક્ત બનશે.

નાનપણથી જ હસમુખભાઈને ભણવાનું ખાસ ગમતું નહીં. (કોને ગમતું હોય છે?) ભણવા સિવાયની તમામ ઈતર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં હસમુખભાઈ અવ્વલ રહેતા. હસમુખભાઈ જાતે પાસ નહોતા થતા તો સ્કૂલવાળા તેમને પાસ કરી દેતા હતા. તેમને ચિત્રો દોરવાનું ખૂબ ગમતું. એક વખત શીલજ ગામમાં ચિત્ર સ્પર્ધામાં આંબલી ગામની પ્રાથમિક શાળા તરફથી તેઓ ગયા. ત્યાં તેમણે સહજ રીતે ખૂબ ઝડપથી શ્રીરામ ભગવાનનું ચિત્ર દોર્યું. એમનો પ્રથમ નંબર આવેલો. જોકે, શ્રીરામ ભગવાને હસમુખભાઈનો હાથ પકડીને શંકર ભગવાન પાસે જઈને કહ્યું કે આ બાળકે ભલે મારું ચિત્ર દોર્યું હોય, પરંતુ એના હૃદયમાં તો તમે જ છો. આ તમારો ભક્ત છે. હું એને તમને સોંપું છું.

હસમુખભાઈએ અમદાવાદમાં જુદી જુદી નોકરીઓ કરી. ખૂબ મહેનત કરી. પ્રામાણિકતા અને નિષ્ઠાથી તેમના માલિકોને ફાયદો પણ કરાવ્યો. એ પછી જજીસ બંગલા વિસ્તારમાં શિવમ્ પાન હાઉસ ખોલ્યું. પાનનો ગલ્લો સરસ ચાલતો હતો. અચાનક તેમને હૃદયમાંથી સ્ફૂરણા થઈ અને તેઓ શંકર ભગવાનનાં ચિત્રો દોરવા લાગ્યા. એ કંઈ ચિત્રના વિદ્યાર્થી નથી. તેમણે કોઈ તાલીમ પણ લીધી નથી. અંદરથી જે સૂઝે અને સ્ફૂરે તે તેઓ કાગળ પર ચિતરતા ગયા. ચિત્રો હંમેશાં તેમણે શંકર ભગવાનનાં જ સર્જ્યા. તેઓ લાલ અને કાળી પેનથી જ ચિત્રોનું સર્જન કરતા.

એક વખત ગુજરાતી ભાષાના વરિષ્ઠ પત્રકાર શ્રી નરેશભાઈ દવે તેમના ગલ્લે આવ્ય